જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૫/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૮૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૪૧	૨	૧૧૪૪૩	૧૭૫૬૦	૨	૧૭૫૬૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૯	૦	૭૯	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૧૪૧૮	૩૭૦	૪૧૭૮૮	૪૨૪૫૭	૩૬૨	૪૨૮૧૯
કુલ		૫૭૬૪૬	૩૭૨	૫૮૦૧૮	૬૬૫૪૭	૩૬૪	૬૬૯૧૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૯	૧,૩૧,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૦૮	૧૯,૦૮,૦૦૦/-

કોરોના મહામારી સમયે રેમડેસીવીર ઈન્જેક્શનોની કાળાબજારી કરતા ઈસમોને ઝડપી પાડતી રામોલ પોલીસ

રામોલ પોલીસ સ્ટેશન :

રેમડેસીવીર ઈન્જેક્શન નંગ:૦૪ તથા અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ:૦૨ તથા રોકડા રૂપીયા તથા એક્ટીવા મળી કુલ્લે કીમત રૂપીયા ૧,૦૪,૩૩૦/- ના મુદ્દામાલ સાથે ચાર ઈસમો ઝડપાયા

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:૦૨/૦૫/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે રેમડેસીવીર ઈન્જેક્શનના કાળા બજાર રોકવા માટે તેમજ કાળા બજાર કરી રહેલ ઈસમોને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સ.ઈ બી.આર.ભાટી નાઓને મળેલ બાતમી હકીકત આધારે રામોલ માધવ સ્કુલ સામે રોડ ઉપર પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.૧ શશાંક સ/ઓ મયુરકુમાર શંકરલાલ જયસ્વાલ ઉવ:૨૩ રહે:૧૨૯ ધનલક્ષ્મી સોસાયટી સોનીની ચાલી પાસે ઓઢવ અમદાવાદ શહેર તથા નં.૨ નીલ સ/ઓ મુકેશકુમાર કનૈયાલાલ જયસ્વાલ ઉવ:૨૧ રહે:૧૪૯ હરીગંગા સોસાયટી સોનીની ચાલી પાસે ઓઢવ અમદાવાદ શહેર નાઓને પોતાના કબજામાં કોઈપણ જાતના પાસ પરમીટ વગર રેમડેસીવીર ઈન્જેક્શન નંગ:૦૪ કીમત રૂપીયા ૩૬૦૦/- તથા રોકડા રૂપીયા ૭૩૦/- તથા અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ:૦૨ તથા એક્ટીવા નં.જીજે.૦૧.એનવી.૪૫૨૮ નુ મળી કુલ્લે કીમત રૂપીયા ૧૦૪૩૩૦/- ના મુદ્દામાલ સાથે પકડી બન્ને આરોપીઓને ઈન્જેક્શન સબંધે પુછપરછ કરતા બન્ને આરોપીઓએ જણાવેલ કે તેઓ વસ્ત્રાલ માધવની પોળ પાછળ આશીર્વાદ પાર્ક ફ્લેટ દુકાન નં.ઈ/૧૧ ખાતે આવેલ ચાર ભુજા મેડીશીન નામના મેડીકલ સ્ટોરમાં નોકરી કરતા હોય અને હાલમા રેમડેસીવીર ઈન્જેક્શની તંગી ચાલતી હોય જેથી તેઓના મેડીકલ સ્ટોરના માલીક વિકાશ ભેરૂલાલ અજમેરા નાઓએ જણાવેલ કે તેમના મીત્ર પ્રવીણભાઈ રત્નાભાઈ મણવર નાઓ ક્યાકથી રેમડેસીવીર ઈન્જેક્શનનો જથ્થો લાવેલ છે.અને તેઓ સસ્તા ભાવે આપી દેશે તેમ જણાવી વિકાશ અજમેરાએ પોતે પ્રવીણભાઈનો સંપર્ક કરાવેલ અને તમામ ઈન્જેક્શન ઉપરોક્ત બન્ને આરોપીઓપ્રવીણભાઈ પાસેથી એક ઈન્જેક્શન રૂપીયા ૨૬૦૦૦/- ના ભાવથી ખરીદેલ અને તે ઈન્જેક્શન જરૂરીયાત મંદ દર્દીને પોતાનુ કમિશન ચડાવી વેચાણ કરવા લઈને નીકળેલ હોવાનુ જણાવતા આરોપીઓ નં.૩ વીકાશ સ/ઓ ભેરૂલાલ કનૈયાલાલ અજમેરા ઉવ:૨૫ રહે:એ/૩૦૨ આશીર્વાદ પાર્ક સોસાયટી તનમન ભાજીપાવ પાસે રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:ઢાઢરમાલા તા:સુવાણા થાના:કારોઈ જી:ભીલવાડા રાજસ્થાન તથા નં.૪ પ્રવીણભાઈ સ/ઓ

રત્નાભાઈ આલાભાઈ મણવર ઉવ:૨૩ રહે: રહે:અખબારનગર બી.આર.ટી.એસ સામે અમદાવાદ શહેર મુળગામ:મણવરવાસ ભોરોલ તા:થરાદ જી:બનાસકાઠા નાઓને પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૦૭૩૪/૨૧ ધી ઈપીકો કલમ ૪૨૦,૧૮૮૧૧૪ તથા આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલક ૭(૧)(એ)(૨) તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ કલમ ૫૧(બી),૫૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૮૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ અને ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૮૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૭૮૩/૨૦૨૧**

વેજલપુર : વસીમ ઇકબાલભાઇ શેખ (રહે.મક્કાનગર સોસાયટી, શાંતિનિકેતન સ્કુલ પાછળ, સોનલ રોડ, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ થી તા.૦૨/૦૫/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યા દરમ્યાન જુહાપુરા રોયલ અકબર ટાવર, દુકાન નંબર-૪ ખાતે આવેલ પોતાની "એસ.આર.જવેલર્સ" નામની દુકાનનુ શટલ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી, સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૩,૪૦,૮૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી એસ.જી.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૭૮૪/૨૦૨૧**

ઓઢવ : અનીતાબહેન વા/ઓ કૈલાશસિંગ રાજપુત (ઉ.વ.૨૨)(રહે.આશીર્વાદ સીટી, આદીનાથનગર, ઓઢવ)એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૧ રાતના ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રૂમમા પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

નારોલ : પ્રિયંકાબહેન વા/ઓ કમલેશભાઇ (ઉ.વ.૨૭)(રહે.પ્રથમ લક્ઝુરીયા, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાની સાસરીમાં પ્રથમ લક્ઝુરીયા ફ્લેટના ચોથા માળની ગેલેરીમાંથી પડતુ મુકતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને રખીયાલ નારાયણ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ ખાતે લાવતાં બપોરના ૩/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી.એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી "કે" ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી